ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બરાબર વાંચ .... મોદી આફ્રિકા કાળા લોકોના દેશમાં ગયા... અને ગુજરાતથી રૂપાળા લોકોને દિલ્હી બોલાવ્યા... એવું નથી...!!

# સે-૨માં વર્ષોથી જામેલી ઝૂંપડપટ્ટીનો સફાયો

## ઘ-દોઢ સામે સરકારી જમીનમાં ૨૦ વર્ષથી ઝુંપડાઓ હતા : ૧૫ ઝુંપડા જમીનદોસ્ત કરીને સામાન જપ્ત કરી લેવાયો : ઢોરવાડો પણ સાફ કરી દેવાયો હતો

ગાંધીનગર, તા.૭

પાટનગરને દબાણ મુકત કરવા માટે તંત્ર દ્વારા કડક કામગીરી શરુ કરવામાં આવી છે અને અધિકારીએ વોટસએપ નંબર જાહેર કરી તેમાં દબાણના ફોટો અને લોકેશન મોકલવા નગરજનોને પણ અપીલ કરી છે. જાગૃત નાગરીકો દ્વારા સંખ્યાબંધ દબાણના ફોટો વોટસએપ નંબર ૯૪૨૭૯૫૫૫૫૧ ઉપર આવી રહ્યા છે. સે-૨ની ઝુંપડપટ્ટીના ફોટો મળતા ૨૦ વર્ષથી જામેલી આ ઝુંપડપટ્ટી પર દબાણ અધિકારીએ સપાટો બોલાવી આજે ૧૫ ઝુંપડાઓ જમીનદોસ્ત કરી દીધા હતા અને ઝુંપડું ઉભું કરવા વપરાતો સામાન જપ્ત કરી લીધો હતો. આ કામગીરી જોતા જે જાગૃત નાગરીકોએ સે-૨ના દબાણના ફોટો વોટસએપ કર્યા હતા તેમણે આ નંબર પર અધિકારી અને મહાનગરપાલિકા કમિશનરની પ્રશંસા કરી આવી કામગીરી સતત ચાલુ રાખવા અને ગાંધીનગરને દબાણમુકત કરી નાંખવા 'મન કી બાત'ની અભિવ્યકિત કરી હતી.

મહાનગરપાલિકાના કમિશનરની સુચનાથી ઓફીસર મહેશ મોડે શહેરને દબાણમુકત કરવા કડક કાર્યવાહી શરુ કરી છે. વોટસએપ પર મળી રહેલા દબાણના ફોટો સંકલીત કરીને તબક્કાવાર તમામ સ્થળોએથી દબાણ હટાવવા કામગીરી ચાલી રહી છે.

ઘ દોઢ સામે આવેલા સે-૨માં ઝુંપડપટ્ટી છેલ્લા વીસેક વર્ષથી છે. આ જગ્યાએ ઢોરવાડો પણ બાંધી દીધેલો છે. ત્યાં આજે સવારે ઓપરેશન પાર પાડી ૧૫ જેટલા ઝુંપડાઓ તોડી પાડી લાકડા અને તાડપત્રીઓ જપ્ત કરી લેવામાં આવી છે જેથી બીજી વાર ઝુંપડા ઉભા કરી નાંખે નહી. ઝુંપડાવાસીઓને આવતી કાલ સુધીમાં વતન ચાલ્યા જવા કે શહેર બહાર વ્યવસ્થા કરી દેવા કડક સુચના આપી દેવામાં આવી છે.



## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાતાકીય પસંદગી સમિતિની આજે મહત્વની બેઠક મળી હતી. જેમાં ૩ જેટલા સંવર્ગમાં બઢતી માટે પરામર્શ થયો હતો.

● ગાંધીનગરમાં પાનસર જિલ્લા પંચાયતની પેટા-ચૂંટણીને લઈ આજે નારદીપુર ખાતે કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં શક્તિપ્રદર્શનનું આયોજન કરાયું છે.

● ગાંધીનગરમાં ઈદનુંપર્વ પણ આજે શાંતિપૂર્ણ અને એખલાસભર્યા વાતાવરણમાં ઉજવાયું હતું.

● પ્રસિદ્ધ ગાયક સ્વ. મુકેશની યાદમાં આજે આંબેડકર હોલમાં સંગીતના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

● જિલ્લામાં રોગચાળાની સ્થિતિને લઈ આજે આરોગ્ય તંત્ર દ્વારા એક વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરવામાં આવી હતી.

● ગાંધીનગર શહેરમાં વન વિભાગ દ્વારા ફેન્સીંગ કરાયેલી હદમાં સૌથી વધુ ગંદકીના થર જોવા મળી રહ્યા છે.

● ગુજરાત સાહિત્ય અકાદમીના ચેરમેન ભાગ્યેશ જ્હા ગઈકાલે તેમના નિવાસસ્તાને સીડી ઉતરતા પડી જતાં પગે ઈજાઓ થઈ છે.

● ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રભારી શ્રીમતી ગાયત્રીબા વાઘેલા આજે ગાંધીનગર આવી રહ્યા છે.

## ઔધોગિક તાલિમ સંસ્થા દ્વારા પ્રવેશ કાર્યવાહીની તારીખમાં ફેરફાર કરાયો

ગાંધીનગર, તા.૭

ઔધોગિક તાલિમ સંસ્થા, ગાંધીનગર ખાતે ઓગષ્ટ ૨૦૧૬ થી શરુ થનાર સત્ર માટે સંસ્થા કક્ષાએ રૂબરૂ મલુકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી તા.૭-૭-૧૬ થી ૧૭-૭-૧૬ સુધી કરવાની હતી. પરંતુ વડી કચેરીના તા. ૫-૭-૧૬ના ઈ-મેલ અન્વયે ટેકનીકલ કારણોસર તા.૯-૭-૧૬ થી તા.૧૦-૭-૧૬ દરમિયાન સર્વર બંધ રહેવાનું હોવાથી આઈ.ટી.આઈ. ગાંધીનગરના રુબરુ મુલાકાત કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.જેની ઉમેદવારોને જાણ એસએમએસથી કરવામાં આવશે. સંસ્થાના મેરીટ લીસ્ટ મુજબ તમામ ઉમેદવારોને જરુરી પ્રમાણપત્રો અને જરુરી ફી ના નાણા સાથે સમયસર હાજર રહેવા જણાવાયું છે. જેમાં સંસ્થામાં તા. ૯-૭-૧૬ ના રોજ આવનાર ઉમેદવારોએ તા.૧૧-૭-૧૬ના રોજ, તા.૧૦-૭-૧૬ ના રોજ આવનાર ઉમેદવારોએ તા.૧૨-૭-૧૬ ના રોજ, તા.૧૧-૭-૧૬ ના રોજ આવનાર ઉમેદવારોએ તા.૧૩-૭-૧૬ ના રોજ, તા.૧૨-૭-૧૬ ના રોજ આવનાર ઉમેદવારોએ તા. ૧૪-૭-૧૬ ના રોજ, તા.૧૩-૭-૧૬ ના રોજ આવનાર ઉમેદવારોએ તા.૧૫-૭-૧૬ ના રોજ આવવાનું રહેશે. જયારે તા.૧૬ અને તા.૧૭-૭-૧૬ ના રોજ આવનાર ઉમેદવારોએ રાબેતા મુજબ આવવાનું રહેશે.

## રાંધેજા-વાસણ મહાદેવ રોડ પર બાપુ નોલેજ વિલેજ સામે માર્ગ અકસ્માતમાં એકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૭

વિસનગરથી એક પરિવાર પેસેન્જર રીક્ષામાં ગાંધીનગર સે. ૨૮ના બગીચામાં આવ્યુ હતુ અને સમી સાંજે પરત ઘરે ફરી રહ્યુ હતુ ત્યારે તેમની રીક્ષાને રાંધેજા-વાસણ મહાદેવ રોડ પર બાપુ નોલેજ વિલેજ સામે ભયંકર અકસ્માત નડ્યો હતો. સામેથી બેફામ ગતિએ આવતા છોટા હાથીએ રીક્ષાને ટક્કર મારતા ૭ માસની બાળકી સહીત ૭ વ્યક્તિઓ ઘાયલ થયા હતા જે પૈકી એક યુવાનનું કરૂણ મૃત્યુ નિપજ્યું છે. પેથાપુર પોલીસ ઘટનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ વિસનગરથી એક પરિવાર રીક્ષામાં ગાંધીનગર શહેરના સે. ૨૮ બગીચામાં આવ્યું હતું. ૨૫ વર્ષિય યુવાન પુનમજી પ્રકાશજી ઠાકોર, તેમની બહેન ૧૮ વર્ષિય પાર્વતીબેન ઠાકોર, તેમની પત્નિ ૨૨ વર્ષિય શબનમ ઠાકોર, ૫ વર્ષીય રોનક ઠાકોર અને ૬ માસની બાળકી પ્રીયાંશી ઠાકોર ઉપરાંત પ્રકાશજીની સાળી ૨૭ વર્ષિય ફેમીનાબેન શેખ રીક્ષામાં સવાર હતા.

રીક્ષા રાંધેજા-વાસણીયા મહાદેવ માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે બાપુ નોલેજ વિલેજ કોલેજ સામેના માર્ગ પર તેમની રીક્ષાને અકસ્માત નડ્યો હતો. સામેથી આવતા છોટા હાથીની ટક્કર વાગતા રીક્ષામાં સવાર બે બાળકો સહિત ૭ વ્યક્તિઓ ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં ૨૫ વર્ષિય પુનમજી ઠાકોરનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. ગાંધીનગર સે. ૨૦ અને રાંધેજા લોકેશનથી બે ૧૦૮ એમ્બ્યુલન્સ દોડાવીને ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. પેથાપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ માટે મોકલી વધુ તપાસ શરૂ કરી છે.

### મુસ્લિમ યુવતી 'વહુ' બનીને આવી હતી એટલે ઈદ મનાવવા આવ્યા હતા

ઠાકોર પરિવારના એક સભ્યએ મુસ્લિમ યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. શબનમબેન પ્રેમલગ્ન કરીને ઠાકોર પરિવારમાં હળીમળીને રહે છે. શબનમ માટે પરિવાર આખુ રીક્ષા લઈને ઈદ મનાવવા સે. ૨૮ બગીચામાં આવ્યુ હતુ. દરમ્યાન ઘરે પરત ફરતી વખતે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં શબનમબેનના પતિ પુનમભાઈનું મૃત્યુ થવા પામ્યુ છે.

## ઘ-૧ નજીક પંચરવાળાને ત્યાંથી ટાયરો જપ્ત કરાયા

### વરસાદી પાણી ટાયરોમાં ભરાઈ જતા મચ્છરોનો ઉપદ્રવ થયેલો હતો

ઘ-૧ પાસે એક ટાયર પંચરવાળો ફુટપાથ ઉપર અચડણરૂપ દબાણ કરીને ઉભો રહેતો હતો. આ સ્થળે દબાણની ટીમ પહોંચી ગઈ હતી અને ફૂટપાથ વચ્ચે જુના ટાયરોનો ખડકલો કરીને બેઠેલા વેપારીના ૨૦ જેટલા જુના ટાયરો જપ્ત કરી લેવામાં આવ્યા છે. આ ટાયરોમાં વરસાદી પાણી ભરાયેલું હોવાથી મચ્છરોનો ઉપદ્રવ પણ થયેલો જોવા મળ્યો હતો.



ગાંધીનગરમાં કોર્પોરેટર્સ દ્વારા તેમની ગ્રાંટમાંથી દરેક સેકટરમાં બાળકોને રમવાના સાધનો લગાડવામાં આવ્યા છે. આ સાધનો લગાવતી વખતે કોઈ પદ્ધતિસરના આયોજનના અભાવે શહેરમાં અનેક ઠેકાણે આ સાધનો માત્ર શોભાના ગાંઠીયા સમાન પુરવાર થયાં છે. તાજેતરમાં શહેરમાં પડેલ વરસાદી ઝાપટાના પરિણામે અનેક સેકટરોમાં જ્યાં બાળકોને રમવાના આ સાધનો લગાવાયા છે ત્યાં જ પાણીના ભરાવાથી કાદવ-કિચડનું સામ્રાજ્ય ફેલાયુંછે. કાદવ-કિચડના કારણે બાળકો સાધનોનો ઉપયોગ કરી શકતા નથી અને બાકીની જગ્યાઓ પર વાહન પાર્કિંગમાં વપરાઈ જતી હોવાથી બાળ ઉંમરમાં જ ક્યાં રમવું તે શહેરના બાળકો માટે યક્ષ પ્રશ્ન બની જવા પામ્યો છે. તસવીરમાં સે. ૧૩માં લગાડાયેલા સાધનોની અવદશા નજરે ચઢે છે. પરંતુ આ પરિસ્થિતિ શહેરના અનેક સેકટરમાં જોવા મળી રહી છે.

## કલોલ તાલુકા આરોગ્ય કચેરી દ્વારા વિશ્વ વસતી દિનની ઉજવણી

તાલુકા આરોગ્ય કચેરી કલોલ દ્વારા વિશ્વ વસતી દિનની ઉજવણીના ભાગરૂપે દંપતિ સંપર્ક પખવાડીયુ અંતર્ગત સ્વામીનારાયણ ગુરૂકુળ સંસ્થાના પ્રેમસ્વરૂપ હોસ્પિટલ ખાતે તાલુકાના તમામ મેડીકલ ઓફીસર આયુષ્ય મેડીકલ ઓફીસર, કર્મચારીઓ, અશોફેશીલેટર આશા, અને સીબીએચવી બહેનોનો સેમિનાર યોજાયો હતો. આ સેમીનારના પ્રારંભમાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમ બાબતે લોકોમાં લોક જાગૃતિ આવે તે હેતુથી કુટુંબ કલ્યાણના જુદા જુદા વિષયો તથા ઓઆરએસ અને જીંક ટેબલેટનો ઉપચાર જેવા વિષયોને લઈને રથ બનાવવામાં આવ્યો હતો. આ રથનું શ્રી પ્રેમસ્વરૂપ સ્વામીજી, શ્રી વાત્સલ્ય સ્વામીજી, શ્રીમતિ આનંદીબેન પટેલ, પ્રમુખ નગરપાલિકા કલોલ, ડૉ. ડી.સી. જાગાણી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ગાંધીનગર તથા જિલ્લાના અન્ય અધિકારી ગણ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદ પ્રજાપતિ, તાલુકાના અધિકારીગણ અને કર્મચારીગણ દ્વારા રથને લીલી ઝંડી આપી રથને તાલુકાના તમામ ગામમાં પ્રચાર અને પ્રસાર અર્થે રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

# જિલ્લામાં ૭૩૫ લાખના ખર્ચે ૫૩૦ વિકાસ કામો હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર ખાતે વિકેન્દ્રિત જિલ્લા આયોજન વર્ષ- ૨૦૧૬-૧૭ અન્વયે આરોગ્ય, પરિવાર કલ્યાણ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં જિલ્લાના ચાર તાલુકા સહિત ચાર નગરપાલિકાઓના વિવિધ વિકાસ કામો માટે ૭૩૫ લાખના ખર્ચેકુલ-૫૩૦ જેટલા વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે વિવેકાધીન જોગવાઈ, ખાસ અંગભૂત યોજના, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ અને ખાસ ભૌગૌલિક પછાત વિસ્તાર જોગવાઈ હેઠળ ગાંધીનગર જિલ્લાના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં મૂળભૂત જરૂરિયાતવાળા અગત્યના વિકાસ કામો સમયસર હાથધરી વહીવટી તંત્રને સમય મર્યાદામાં પૂર્ણ કરવા સુચના આપી હતી. આ વિકાસ કામોમાં શાળા અને આંગણવાડીના કમ્પાઉન્ડ હોલ, સી.સી. રોડ, એપ્રોચ રોડ, પાણીના હવાળા, ગટર લાઈન, પાણીની પાઈપલાઈન જેવા વિવિધ વિકાસ કામોનો સમાવેશ થાય છે. ગાંધીનગર, દહેગામ અને કલોલ તાલુકો મળી પ્રત્યેકને રૂપિયા ૧૨૫ લાખ તથા માણસા તાલુકાને રૂ.૧૦૦ લાખ મળી પ્રત્યેક તાલુકામાં અનુક્રમે ૯૮, ૧૩૪, ૯૭ અને માણસા તાલુકાના ગામોમાં ૧૩૯ જેટલા વિકાસ કામો કરવામાં આવશે. જયારે પેથાપુર, માણસા, દહેગામ અને કલોલ નગરપાલિકા સહિત પ્રત્યેક નગરપાલિકાને રૂપિયા ૨૫ લાખના વિકાસ કામો માટે આયોજન કરાયું છે. જિલ્લા કક્ષાના વિકાસ કામો માટે રૂ. ૧૫૦ લાખના ખર્ચે ૫૨ વિકાસ કામો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.



ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે ગ્રામીણ વિસ્તારના પ્રાથમિક અગત્યતા ઘરાવતા વિકાસ કામો સમયસર પૂર્ણ કરી વહીવટી અને તાંત્રિક મંજૂરીની પ્રક્રિયા સમયસર હાથ ઘરવા જિલ્લાના વિવિઘ અધિકારીઓને સૂચના આપી હતી. જિલ્લા આયોજન અધિકારી શ્રી એન.જી.પટેલે જિલ્લા આયોજન મંડળ દ્વારા વર્ષ- ૨૦૧૬-૧૭ના વિકાસ કાર્યો અંગે પ્રેઝેન્ટેશન રજૂ કર્યુ હતું.

આ બેઠકમાં ધારાસભ્યો સર્વે શ્રી અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, બળદેવજી ઠાકોર, અમીતભાઈ ચૌઘરી અને કામિનીબા રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખશ્રીઓ દ્વારા ગાંધીનગર જિલ્લા આયોજન મંડળના વિકાસ કાર્યો અંગે વિસ્તૃત સૂચનો કર્યા હતા.

## મંત્રીઓના અંગત સચિવ તેમજ સોશીયલ મીડીયાના કર્મચારીઓ સાથે મુખ્યમંત્રીની આજે બેઠક

ગાંધીનગર, તા. ૭

મંત્રીઓના વિભાગોની કામગીરી અને મત વિસ્તારની કામગીરીના પ્રચાર પ્રસારનું કામ સંભાળતા તેમના સોશીયલ મીડીયાના કર્મચારીઓની કામગીરીની સમીક્ષા આવતીકાલે મુખ્યમંત્રી કરનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારના મંત્રીઓના વિભાગોની કામગીરી સરકારી કાર્યક્રમો અને મત વિસ્તારની કામગીરી અને પ્રચારની કામગીરીમાં સોશીયલ મીડીયાનો ઉપયોગ કરવામાં આવે છે.

મંત્રીઓના વિભાગોની કામગીરીની પ્રચારનું કામ સંભાળતા મંત્રીઓના સોશીયલ મીડીયાના કર્મચારીઓ અને મંત્રીઓના અંગત સચિવોની આવતીકાલે મુખ્યમંત્રી સાથે એક મહત્વની બેઠક મળનારી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે સાંજે મુખ્યમંત્રી સાથે યોજાનારી બેઠકમાં મંત્રીઓના સોશીયલ મીડાયાનું કામ સંભાળતા કર્મચારીઓ અને અંગત સચિવો પાસેથી શુ શુ કામગીરી સોશીયલ મીડીયામાં કરવામાં આવે છે, કંઈ કંઈ બાબતોનો પ્રચાર સોસીયલ મીડીયા દ્વારા કરાય છે અને કરાયેલી કામગીરીની સમીક્ષા કરીને વધુમાં વધુ સોશીયલ મીડીયાનો ઉપયોગ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંત્રીઓના અંગત સચિવોને પણ વિભાગની કામગીરી ફાઈલોના ઝડપી નીકાલ માટે યોગ્ય કાર્યવાહી કરવા માટે સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## વારાણસી ખાતે ગુજરાતી ઉત્સવ યોજાયો

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં સંસદીય મત વિસ્તાર વારાણસી ખાતે વસતા ગુજરાતી પરિવારોને એકત્ર કરી સ્થાપવામાં આવેલ કાશી ગુજરાતી સમાજ દ્વારા ભવ્યાતિભવ્ય 'ગુજરાતી ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવના પ્રણેતા અને કાશી ગુજરાતી સમાજના સ્થાપક અનીલજી શાસ્ત્રી તથા અગ્રણીઓ દ્વારા આયોજિત સમારોહના મુખ્ય મહેમાન પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરા, પૂર્વ મેયર શ્રીમતી ભાવના જોશીપુરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## કડવા પાટીદાર સમાજ દ્વારા ઈંગ્લિશ સ્પીકીંગ ક્લાસના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૭

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર તથા થીતલ એકેડમીના સહયોગથી તા. ૨૫-૪-૨૦૧૬થી શરૂ થયેલ ક્લાસનું તા. ૨-૭-૨૦૧૬ના રોજ સમાપન સમારોહ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત કરતાં પહેલા 'વી કેર ફાઉન્ડેશન'ના ચેરમેન તથા કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટી જે.સી. પટેલ દ્વારા 'તનાવ મુક્ત જીવનને ૯૯ વર્ષ જીવો' વિષય પર હાસ્ય પ્રવચન આપી તમામને ખુશ કરી દીધા હતા. ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆતમાં યુવા તેમજ ઉત્સાહી એવા પાટીદાર સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન તેમજ દિર્ઘદષ્ટા એવા મહામંત્રી ભોળાભાઈ પટેલ ઈંગ્લિશ સ્પિકીંગ ક્લાસ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રકારના ક્લાસ દર મોટા વેકેશનમાં રાખવામાં આવશે તેમજ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ માટે પણ ક્લાસીસ શરૂ કરવા વિચારાઈ રહ્યું છે તેમ જણાવ્યું હતું.

કોચીંગ લેનાર વિદ્યાર્થીઓમાંથી કાંતિભાઈ, નટુભાઈ, હેત પટેલ તથા અન્યોએ સુંદર પ્રતિભાવ આપ્યા હતા. જ્યારે શિક્ષણ સમિતિના ચેરમેન શિવાભાઈ પટેલ દ્વારા ક્લાસમાં ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાઈ, રેગ્યુલર હાજરી આપી તથા ધ્યાનથી અભ્યાસ કરવા બદલ ધન્યવાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે સાથે હવે પછી સમાજ વચ્ચે રહી લોકો સાથે ઈંગ્લિશની પ્રેકટીસ કેવી રીતે કરવી તે વિશે ઘણી બધી ટીપ્સ આપી હતી. ક્લાસના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ કદરરૂપે શીતલ એકેડમીના સ્ટાફને યાદગીરી રૂપે સુંદર ભેટ આપી તેમનો આભાર માન્યો હતો.

વિદાય સમારંભમાં સંસ્થાના અતિથિવિશેષ પૂર્વ પ્રમુખ હસમુખભાઈ પટેલ, ટ્રસ્ટી તેમજ સલાહકાર એવા એડવોકેટ અશોકભાઈ એચ. પટેલ, હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વાલીઓ વગેરે મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



**નામ બદલેલ છે**

મારું નામ શ્રીમાળી નેહાંશકુમાર જસવંતકુમાર હતું તે બદલી શ્રીમાળી નેહાંશ જસવંતકુમાર રાખેલ છે.

લી.
શ્રીમાળી નેહાંશ જસવંતકુમાર
પ્લોટ નં. ૭૨૬/૧, સેક્ટર-૭/બી, ગાંધીનગર

**ખારેક**

ખેડૂતો દ્વારા કચ્છની દેશી પ્રખ્યાત ખારેકનું વેચાણ ચાલુ છે.

કૃષિભવનની અંદર
સેક્ટર-૧૦, ગાંધીનગર

મો. ૯૯૭૯૯ ૭૧૪૧૭